


## સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*પરિશ્રમ વિનાની ખાયકીથી ઘચરકો આવે,*
*કટુ વેણે ઘાવ નહીં તો ઘસરકા આવે,*
*ઢસરડો લાગે મન વિનાની વડીલોની સેવા -*
*'નવાણું' ના લોભમાં બચતનો ચસરકો આવે.*

હાઈકુ

*ઊંધા થૈ જુઓ*
*મોંઘવારીનો ગ્રાફ*
*થશે રાહત!*
*(શીર્ષાસનનો ફાયદો)*

*ખાવ ન પીઓ*
*ને રહો તંદુરસ્ત*
*યોગાસનથી*
*(ભૂખ્યાને ભોજનતો આપો)*

### ચિંતન

*લક્ષ્મીઃ તો ચ તરંગ ભંગ ચપલા, વિદ્યુત ચલં જીવિતમ્ ।*

ઉપરોક્ત શ્લોક ડિવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

ધન-સંપત્તિ-ભૌતિક સુખો વગેરે પાણી સમુદ્રમાં ઉઠતાં તરંગ-મોજાની જેમ તરત જ વેરાઈ જાય, સમી જાય છે, તેમ લક્ષ્મી પણ ચંચળ હોઈ તરત જ હાથમાંથી સરી જાય છે. જીવન પણ વિજળીના ચમકારા જેવું ક્ષણિક અને ચંચળ છે. અર્થાત્ ધન-સંપત્તિ-જીવન બધું જ ક્ષણ ભંગુર છે.

આજકાલ આપણા માનવંતા પ્રધાનો સચિવો બધા જ કોઈને કોઈ કૌભાંડ અને સીબીઆઈના સાણસામાં સપડાયા છે. આવા લોકો ઉચ્ચ પદે બિરાજમાન હોય એટલે ધર્મ-શાસ્ત્રો અને સંસાર-વ્યવહારમાં તો વિદ્વાન-પંડિત તો હોય જ આમ, છતાં એ લોકો જીવન, સંપત્તિ, ભૌતિક સુખોની ક્ષણ ભંગુરતા, ચંચળતા સમજતા કેમ નહીં હોય?

જેલ અને ફાંસી માચડે બેઠેલાઓને ખબર કેમ નહીં પડતી હોય કે કૌભાંડ-ખાયકીની ખીચડી સાથે ચાલવાની નથી, જીવનનો હેતુ અને ધ્યેય જે નથી સમજતા એ લોકો જીવન વેડફી નાખે છે. સાચી દિશામાં યોગ્ય દષ્ટિથી જો જીવન જોઈ-સમજી શકે તો જ જીવન સફળ થાય.

### સુવિચાર

- પૂજા વો હી પૂજનીય હૈ...!! જહાં પુજારી મિટ ચુકા હો...!! - **ઓશો**
- આગળ વધવું છે તો બહેરા બની જવાની જરૂર છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જેની કીર્તિ તેની સત્યતાથી વધુ પ્રકાશિત ન હોય તેવા માણસને ધન્યવાદ ઘટે - **રવિન્દ્રનાથ ઠાકુર**
- સવાલ : જીવ કોણ ? જવાબ : માયાને આધીન થયો છે તે જીવ.
  સંસારના વિષયોમાં ફસાયેલો અને ઈન્દ્રિયોનો ગુલામ છે તે - **મુનિ રાજહંસસૂરીજી**
- ધોરીમાર્ગથી દૂર એક સાહસની જિંદગી અને અજ્ઞાતની તલાશ,
  બસ, આનાથી વિશેષ આકર્ષક મને બીજું કશું જ લાગ્યું નથી - **સુભાષચંદ્ર બોઝ**
- મટકી ફૂટી ને દહીં ઢોળાયું મારગે, આડકેટે જીવ હવે ભાગતો નથી,
  એ તપે છે આકરા સૂરજના તાપથી, આંગણે એકાદ વડ જે વાવતો નથી - **બોધિ વૃક્ષ**
- આજનું ઔષધ : ઘરના માણસ સાથે આદુની કતરણ અને ચપટી જેટલી હીંગ ગરમ કરી દસ ગ્રામ જેટલી સવાર-સાંજ લેવાથી ભૂખ ઉઘડે છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક માણસ ભારે કંજૂસ હતો. મનમાં મોટા મોટા સંકલ્પો કરે પરંતુ આવવાનું આવે ત્યારે બહાના બતાવે અને ટાળી દે. એકવાર તે કથા સાંભળવા ગયો. કથાકારે કહ્યું, 'પ્રભુ કેટલો ઉદાર છે! આપણે એક કણ આપીએ તો ભગવાન એ સો કરીને પાછા આપે છે.' કંજૂસને કથાકારની વાતમાં રસ પડ્યો. એને થયું કે ભગવાન એટલો દયાળું છે કે એકના સૌ કરીને પાછા આપે છે, તો જો પોતે એમને મીંડું આપે તો ભગવાન નવ્વાણું તો આપે ને!! કંજૂસે પોતાની દલીલ ભગવાન આગળ રજૂ કરી. એકને સો મળે તો શૂન્ય આપનારને નવ્વાણું મળવા જ જોઈએ. ભગવાને કંજૂસ ને કહ્યું, 'તે ગણિત ગણ્યું છે પણ ખોટું ગણ્યું છે.' કંજૂસ કહે, 'આપ સાબિત કરો.' ભગવાને કહ્યું, 'તેં આપેલું ઉદાહરણ એ સરવાળાનો દાખલો નથી. પરંતુ ગુણાકારનો છે. તેથી તું એક આપીશ તો સો એ ગુણાકાર કરીને એકસો પાછા આપીશ. પરંતુ જો એ શૂન્ય આપીશ તો હું પણ શૂન્ય આપીશ! શૂન્યને સો વડે ગુણવાથી શૂન્ય જ આવે સમજો.' સાચે જ ઈશ્વર થોડું આપનારને ઘણું આપે છે, પરંતુ આજે માનવીની નજર આપવા કરતાં લેવા ઉપર વધારે છે, વહેંચવા કરતાં મેળવવા પર વધારે છે. પોતાના સુખના કુંડાળામાં ફેર ફુદરડી ફરતા માનવીને બીજા માટે કશું કરવાનું સૂઝતું નથી, ત્યારે વળી ઈશ્વરને સમર્પણ કરવાનું ક્યાંથી સૂઝે??

# ગુજરાતમાં ચૂંટણીલક્ષી સળવળાટ

**તંત્રીસ્થાનેથી...**

કોરોનાએ લાંબા સમયથી બાનમાં લીધેલ ગુજરાતમાં બીજી લહેર આથમતાંની સાથે ચોમેર રાજકીય પ્રવૃત્તિઓ ધબકતી થઈ ગઈ છે. શાસક ભારતીય જનતા પાર્ટી સામે વ્યાપક અસંતોષ અને ઉકળાટ ઉપરાંત આંતરિક ખટપટોનો સિલસિલો શરૂ થઈ ગયો છે. મંત્રીમંડળની બેઠકોમાં હાજરી આપ્યા વગર બિન્દાસ મંત્રીપદું ભોગવતા કોળી નેતાએ બાયો ચડાવી છે. પરસોતમ સોલંકીને કદાચ આગામી ચૂંટણીમાં પડતા મુકવાની સંભાવનાનો અંદેશો આવી ગયો છે. એટલે એમણે સરકારમાં હોવા છતાં આ સરકાર માછીમારો માટે કશું જ કરતી નથી એવો આક્ષેપ મૂક્યો છે. પૂર્વ આરોગ્યમંત્રી જયનારાયણ વ્યાસને હાંસિયે ધકેલી દેવાયાની વેદના ડંખી રહી છે. બાયપાસ સર્જરી કરાવ્યા છતાં એમની ખબર પૂછવાની કોઈએ તસદી નથી લીધી અને 'કમલમ્'માં હાજરી આપવાનું ફરમન મળે છે એથી એમને 'કમલમ્નાં બાળખો' ની દયા ખાવાનું મન થાય છે. સૌ જાણે છે કે મોદીની આંખણાંતી ઊતરી ગયેલા જયનારાયણ વ્યાસ જેવા બૌદ્ધિક નેતા માટે હવે પાર્ટીના સંગઠન કે સરકારમાં કોઈ જગ્યા નથી. સિદ્ધપુરની એમની પરંપરાગત બેઠકના કોંગ્રેસી પ્રતિસ્પર્ધી અને ઉદ્યોગપતિ બળવંતસંહ રાજપૂત પાર્ટી બદલીને ભાજપમાં આવી ગયા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાત છોડ્યું ત્યાર પછી ભાજપમાં સતત સખળડખળ થતું રહ્યું છે. મોદીનાં સૌથી નિકટનાં વિશ્વાસુ આનંદીબેનને પમ એમની ટર્મ પૂરી કરવાની તક નહોતી મળી. પાટીદાર આંદોલનના પડછાયા એવા લાંબા હતા કે એમને રાજીનામું આપવાની ફરજ પડાઈ હતી. પાટીદાર લોબીને બોધપાઠ ભણાવવા પાર્ટીના ચાણક્ય ગણાતા અમિત શાહે જૈન વણિક રૂપાણીને સત્તાનાં સૂત્રો સોંપ્યાં અને નીતિન પટેલનો નાયબ મુખ્યમંત્રીપદથી સંતોષ માનવો પડ્યો. કોંગ્રેસના અણઘડ નિર્ણયોને કારણે શંકરસિંહ વાઘેલાએ વ્યથિત થઈને રાજીનામું ન આપ્યું હોત તો પરિસ્થિતિ જુદી જ હોત. ભાજપે રૂપાણીના નેતૃત્વમાં કમબેક કર્યા પછી કોંગ્રેસી ધારાસભ્યોને તોડવાનો સિલસિલો ચાલુ રાખ્યો અને એથી પ્રજામાં કોંગ્રેસ એક અવિશ્વસનીય રાજકીય પાર્ટી બનીને રહી ગઈ છે. સી.આર. પાટીલ જેવા વિચક્ષણ રાજનેતાના હાથમાં પાર્ટીનું સુકાન આવતાં ભાજપમાં સત્તાનું મુખ્ય કેન્દ્ર સ્વર્ણિમ સંકુલમાંથી ખસી કમલમ્ ખાતે શિફ્ટ થયું છે. આ આંતરિક બખેડાનો અને કોંગ્રેસ પ્રત્યેની પ્રજાકીય અવિશ્વસનીયતાનો લભ લેવા કેજરીવાલની 'આપ' પાર્ટી કૂદી પડી છે. જે આગામી વિધાનસભાની તમામ બેઠકો પર ત્રિપક્ષી જંગ નિર્ધારિત કરશે અને કદાચ 'કિંગમેકર'ની ભૂમિકામાં આવી જશે. કોંગ્રેસના વર્તમાન નેતૃત્વે વજૂદ ગુમાવી દીધું છે. જૂના નેતાઓ ફૂટી ગયેલી તોપો સાબિત થયા છે. માધવસિંહ સોલંકી કે ચીમનભાઈ પટેલ જેવા માસ લીડરોનો કારમો દુકાળ સરજાયો છે. માસ લીડર તો પ્રદેશ કક્ષો ભાજપ પાસે પણ નથી; પરંતુ હજી નરેન્દ્ર મોદીનો સૂરજ સોળે કળાએ તપી રહ્યો છે એનો એને અને પ્રજાને સધિયારો છે. કોરોના મેનેજમેન્ટમાં ધરાર નિષ્ફળ ગયેલી રાજ્ય સરકાર સામે 'એન્ટિ ઈન્કમ્બન્સી' ફેકટર પણ છે જ. અમિત શાહ અને મોદી માટે એ ચિંતાનો વિષય છે. એથી પાણી પહેલાં પાળ બાંધવા અમિત શાહે ગુજરાતને ઉત્તરપ્રદેશ જેટલું જ મહત્ત્વનું રાજ્ય ગણી વિશેષ ધ્યાન આપવા માંડ્યુ છે. રાષ્ટ્રીય સ્તરે તેમજ સ્થાનિક કક્ષાએ નેતાગીરીનો શૂન્યાવકાશ ધરાવતી કોંગ્રેસ પાસે હજી પણ દૂર દૂર આશાનું એક કિરણ શંકરસિંહ વાઘેલા સ્વરુપે ટમટમી રહ્યું છે. પરંતુ પરિવાર-હાઈકમાન્ડના શરણે જવાનું આ ક્ષત્રિય નેતા પસંદ કરે તો પણ પહેલાં આમંત્રણ તો મળવું જોઈએ ને?

# સાઈટિકા અને તેની આયુર્વેદિક સારવાર




સાઈટિકા એ એવો રોગ છે કે તેમાં દુખાવો થાય અને આપણને પથારીવશ પણ કરી મૂકે. સાઈટિકા એટલે એક એવો રોગ કે જેમાં આપણી એક નર્વ






(નસ ) પર દબાણ આવે છે જેને કારણે આપણને દુખાવો થાય છે. સાઈટિક નર્વ નામની આ નસ આપણા કરોડરજ્જુના નીચેના મણકાઓમાંથી પસાર થઈ ને બંને પગ તરફ જાય છે. હવે જયારે આપણા આ નીચેના મણકાઓ કોઈ કારણોસર ખાંસી જાય કે તેમાં કોઈ સોજો આવી જાય કે બે મણકા વચ્ચેની જગ્યા ઓછી થઇ જાય ત્યારે આપણી સાઈટિક નર્વ દબાય છે. આ દબાણને કારણે આપણને દુખાવો અનુભવાય છે. પહેલા કમરમાં દુખે અને પછી પગમાં પણ દુખાવો થાય. દુખાવા ઉપરાંત પગમાં ઝણઝણાટી , ખાલી ચઢી જવી જેવા લક્ષણો પણ જોવા મળે. જે લોકોનું વજન વધારે હોય, સતત બેઠાડુ અથવા ખૂબ પરિશ્રમ વાળું કામ કરતા હોય, ખૂબ ભારે વજન ઉંચકતા હોય તેવા લોકોને સાઈટિકા થવાના ચાન્સ વધુ છે. આયુર્વેદમાં સાઈટિકાને 'ગૃધ્રસી' તરીકે ઓળખાવાય છે. ગૃધ્રસી રોગ આપણા શરીરના વાયુના પ્રકોપથી થાય છે. હવે વાત કરીએ સાઈટિકાના ઉપચાર અંગે.

આયુર્વેદમાં સાઈટિકા માટેના ખૂબ સરસ અને અસરકારક ઔષધોનું વર્ણન છે. જેમકે દશમૂળ કવાથ, મહારાસ્નાદિ કવાથ, સિંહનાદ ગુગલ, ત્રયોદશાંગ ગુગળ, એરંડભૃષ્ટ હરડે, વાતવિધ્વંસક રસ, બૃહત વાત ચિંતામણી રસ, એકાંગવીર રસ વગેરે. માલિશ માટે અશ્વગંધાતેલ, બાલા તેલ, પંચગુણ તેલ, મહાનારાયણ તેલ વગેરેનો ઉપયોગ કરી શકાય. તેલ લગાવ્યા પછી શેક કરવાથી પણ સરસ ફાયદો થઈ શકે. નગોડના પાનનો શેક પણ કરી શકાય. આ સાથે ખાન-પાનમાં પણ અમુક ધ્યાન રાખવું જરૂરી છે. ખટાશ બંધ કરવી, આથેલું બંધ કરવું, હળવો સુપાચ્ય ખોરાક લેવો, કબજિયાત દૂર થાય તે જોવું, વધુ વજન ન ઉપાડવું, શક્ય હોય તેટલો આરામ કરવો, અને ફિઝિયોથેરાપી કરવી.

આયુર્વેદની દવાઓ ચિકિત્સકની સલાહ અનુસાર જ લેવી, નિયમિત પથ્યપાલન કરવું અને ફિઝિયોથેરાપી ચાલુ રાખવી. આટલું કરવાથી થોડા સમયમાં જ સાઈટિકા અને કમરના દુખાવામાં ચોક્કસ થી રાહત થઈ શકે.

- (M) 9879471147

# જીવન બાગમાં ઓચિંતું ખીલી ઉઠતું ફૂલ એટલે મિત્ર




આખા બ્રહ્માંડમાં માણસ જાત જેટલું મૂરખ પ્રાણી બીજું એકેય નહિ હોય, એ જ્યાં દિલ વાપરવાનું હોય ત્યાં મગજ વાપરે છે! કોઈક અજાણ્યા માણસ પ્રત્યે અચાનક જ તમને લગાવ જનમે, એની ફિકર થવા લાગે, એનું ધ્યાન રાખવાનું મન થાય,



એની સાથે વાત કરવાનું ગમવા લાગે ત્યારે સમજો તમારા નીરસ જીવનમાં નિયતિએ મિત્ર નામનું ફૂલ ખીલવવાનું નક્કી કરી લીધું છે.

મિત્રતામાં ના જાત જોવાય છે, ના રૂપરંગ જોવાય છે કે ના સામાજિક સ્ટેટ્સથી કોઈ ફેર પડે છે. તમે જ યાદ કરી જુઓ, તમારી શાળામાં કેટલા બધા લોકો તમારી સાથે ભણતા હતા અને તોય બે ચાર જ એવા હતા જેમની સાથે તમને વધારે ફાવતું હતું. આખો વર્ગ ભલે ને ખીચોખીચ ભરેલો હોય જ્યાં સુધી તમારી સાથે રોજ એક બેન્ચ પર બેસનાર દોસ્ત ના આવી જાય તમને વર્ગમાં ગોઠતું ન હતું. એ જ તો જાદુ છે મિત્રતાનો!

એક દિવસ એક દસેક વરસનાં છોકરાને એના જેવડા જ એક બીજા છોકરાએ કોઈ વિડિયો મોકલાવ્યો અને કહ્યું કે આ વીડિયો આપણા ફલાણા દોસ્તને પણ ફોરવર્ડ કરજે. હવે એ છોકરાને વોટ્સેપ વિડિયો જોવામાં એટલો રસ ન હતો એટલે એણે એને જોયા વગર જ આગળ બીજા મિત્રને ફોરવર્ડ કરી નાખ્યો...અને અહીંયા જ એનાથી એક ભૂલ થઈ ગઈ. ઉતાવળે એને એ વિડિયો એના મિત્રને બદલે એની ક્લાસ ટિચરને મોકલી આપેલો.

ટીચરે એ વિડિયો જોયો અને ભડકી ગયા. એમણે તરત છોકરાના પપ્પાને ફોન કર્યો અને એમને બધી વાતની જાણ કરી. છોકરાના પપ્પાએ ઘરે આવીને છોકરાને પૂછ્યું ત્યારે જ એને ખબર પડી કે એણે ભૂલ કરી હતી, એ વિડિયોમાં છેલ્લી કક્ષાની ગાળો ભરી હતી!

છોકરાના પપ્પાને ખબર હતી કે એમનો દીકરો નિર્દોષ છે, એને તો એકેય ગાળનો મતલબ પણ ખબર નથી. એમણે એ છોકરાને કહી દીધું કે આજથી આ વીડિયો મોકલનાર છોકરાઓ સાથે દોસ્તી પૂરી. એ બધા આપણા જેવા સંસ્કારી નથી... છોકરાએ એ બધા મિત્રોને બ્લૉક કરી દીધા.

ત્રણેક દિવસ રહીને એક નવા નંબર ઉપરથી એ છોકરાને કૉલ આવેલો, એ એનો એ જ મિત્ર હતો જેણે અગાઉ એને વિડિયો મોકલ્યો હતો. એણે કહ્યું, "તે મને બ્લૉક કર્યો તો ભલે કર્યો પણ યાદ રાખજે દોસ્તનો ફોન નંબર બ્લૉક કરી શકાય, દોસ્તી નહિ. તું મારો મિત્ર હતો અને રહીશ. તે ભૂલથી એ વિડિયો ટીચરને મોકલી આપેલો એ વાત મેં માની લીધી છે એમ તું પણ માની લે કે એ વિડિયો ફોરવર્ડ કરવું મારી નાદાની હતી. હું કોઈ ગુંડો નથી કે મોટો થઈને એવો બનવાનો પણ નથી. ટીચરે મારા પપ્પાને પણ ફરિયાદ કરેલી અને મને ઠપકો મળી ચૂક્યો છે.'

નાના નાના ભૂલકાઓ, એમને હજી ખબર જ નથી કે બહારની દુનિયા કેટલી ખરાબ/ સારી છે. આપણે વધારે વિચાર્યા વગર જ એમને પણ એ જ વાડામાં પૂરવાની કોશિશ કરીએ છીએ જેમાં આપણે પુરાયેલા છીએ. એ છોકરાએ જે વિડિયો ફોરવર્ડ કરેલો, જે ખરેખર ના કરવો જોઈએ, એ વિડિયો એની પાસે આવ્યો ક્યાંથી એની તપાસ કોઈ નથી કરતું. એણે એ ગાળો ભરેલો વિડિયો એના મિત્રને ફોરવર્ડ કરેલો કેમ કે એવા જ વિડિયો પર એણે બીજા માણસોને ખૂબ હસતા જોયા હતા અને એને એમ કે હું પણ મારા મિત્રોને હસાવું...

અતુલે નવી બેકરી ખોલી, અવનવી વેરાયટીની કેક અને બિસ્કીટ ત્યાં મળવા લાગી એટલે લોકોની ભીડ ભેગી થવા લાગી. આ ભીડનો ફાયદો ઉઠાવવા એ બેકરીની બહારની જાહેર જગ્યા પર એક મિકેનિક આવીને ગોઠવાઈ ગયેલો અને એણે આસપાસની ખુલ્લી જગ્યામાં ભંગાર ગાડીઓનો ગંજ ખડકવાની શરૂઆત કરી દીધી. અતુલે એક વખત એને કહ્યું કે તું તારી ગાડીઓ થોડે દૂર પાર્ક કર ત્યારે ગેરેજવાળાએ સામે ધમકી આપી હતી અને અતુલે ચૂપ થઈ જવું પડેલું. ગુંડાગર્દી કરવી એનું કામ ન હતું પણ એ અંદરથી ઘણો દુઃખી થઈ ગયેલો. કોઈને ફરિયાદ કરવાની પણ એની હિંમત ન હતી.

એક દિવસ એની બેકરી પર એનો જુનો સ્કૂલના દિવસોનો એક મિત્ર અચાનક જ આવી ચઢેલો અને આ બેકરી એના દોસ્તની છે એ જોઈ રાજી રાજી થઈ ગયેલો. બંને વચ્ચેખાસી વાર વાતો ચાલેલી. બીજે દિવસે અતુલે જોયું કે એની દુકાન આગળની બધી ભંગાર ગાડીઓ ગાયબ હતી. એ સમજી ગયો કે આ કામ એના બાળપણના ગોઠિયાનું હતું જે ખૂબ તોફાની હોવાથી અતુલના ઘરમાંથી એની સાથે દોસ્તી રાખવાની મનાઈ કરાયેલી...

મજા આવે એવી દોસ્તી બાળપણમાં થઈ જાય છે, સમજણની પાંખો ફૂટ્યા બાદ કામમાં આવે એવી દોસ્તી કરાય છે! હવે તમે જ કહો માણસજાતને મૂરખ કહી શકાય કે નહિ?

અમસ્તું,

ભીડ વચ્ચે ઉભેલા માનવીને એકલતા લાગે ત્યારે સમજી લેવાનું કે એ ભીડમાં કોઈ એક એનો મિત્ર નથી!

#niyatikapadia

# 'ગંગા દશહરા'નું પર્વ ઉત્તર ભારતમાં વિશેષ મહત્ત્વ ધરાવે છે




દેખી બુરાઈ ના ડરું શી ફિકર છે પાપની,
ધોવા બુરાઈને બધે ગંગા વહે છે આપની

- કલાપી

જેઠ સુધ પ્રતિપદા (એકમ) થી જેઠ સુદ સુધી 'માતૃગંગે નમસ્તુભ્યમ્'



ના વિચારબીજ સાથે સ્વાધ્યાય પરિવારે 'ગંગા દશહરા'નો ઉત્સવ મનાવ્યો. પૂ. પાડુરંગ શાસ્ત્રી આઠવલેજી (પૂ.દાદા) એ ભક્તિને સામાજિક શક્તિ ગણાવી. Bhakti is Social Force ભક્તિના માધ્યમ દ્વારા સમાજ પરિવર્તનનું નોંખું - અનોખું કાર્ય શાંત ઢબે-ઢંઢેરો પીટ્યા વગર સ્વાધ્યાય પરિવાર કરી રહ્યો છે.

કોરોનાએ ઓક્સિજન (પ્રાણવાયુ)ની મહત્તા સમજાવી દીધી, એ જ રીતે પાણી-જળ વિશે સજાગતા કેળવવી રહી. આપણા ઋષિમુનિઓએ જળસૂક્ત અને વરુણસૂક્ત દ્વારા જળદેવતાને ઉપાસ્યા છે. પૂ.દાદાએ પ્રકૃતિ તરફ પૂજ્યભાવ કેળવવાની સમજ સાથે અવનવા પ્રયોગો પણ આપ્યા.

'ગંગા દશહરા' નું પર્વ આમ તો ખાસ કરીને ઉત્તર ભારતમાં વિશેષ મહત્ત્વ ધરાવે છે પરંતુ ગંગા સ્નાનનું માહાત્મય તો સર્વ દેશીય છે. આ પર્વ નિમિત્તે 'જલ' તરફ ઉપાસના અને કૃતજ્ઞતાની દષ્ટિ કેળવવાનો અભ્યાસ શીખવ્યો. પાણી એ કેવળ ઉપયોગિતાધિષ્ઠિત જ નહીં પણ ઉપાસનાની ભદ્ર દષ્ટિ કેવી એનો દુરુપયોગ કે વેડફાટ ન થાય એની કાળજી રાખીને નિસર્ગનું પૂજ્યત્વ નજર સમક્ષ રાખી પાણીનો યોગ્ય માત્રામાં ઉપયોગ કરીએ એ પણ એક દેવપૂજા જ છે.

દોસ્તો, 'સંસ્કૃતિ-પૂજન'માં 'ગંગા દશહરા' વિશે લખ્યું છે; 'દીવા વિના પોતાની મેળે લઈ લેવું એટલે ચોરી કરવી, વિધિ વગરની હિંસા અને પરસ્ત્રીગમન - એ કાયાથી થનારાં ત્રણ પાપો કહેલાં છે; કરડું બોલવું, અસત્ય બોલવું, ચાડી ખાવી અને સંબંધ વગરનો બકવાસ કરવો, એ ચાર વાણીનાં પાપો કહેવાય અને મનથી બીજાના દ્રવ્યની આશા રાખવી, અનિષ્ઠ વિચારવું અને ખોટો આગ્રહ રાખવો એ ત્રણ મનનાં પાપો કહેવાય છે. 'હે ગંગે! ઉપરના દસ પાપોનો નાશ કરો. દશ પાપોને હરે છે તેથી જ ગંગા - દશહરા કહેવાય છે.'

માનવે રોજ મન, બુદ્ધિ અને શરીર એમ ત્રિવિધ સ્નાન કરવાં જોઈએ. મનનું સ્નાન ભક્તિથી થાય; બુદ્ધિનું સ્નાન સ્વાધ્યાયથી થાય અને શરીરનું સ્નાન પાણીથી થાય. ગંગા સ્નાન જો સમજણ અને ભાવપૂર્વક કરીએ તો એમાં ત્રિવિધ સ્નાનનો સમાવેશ થઈ જાય.

મિત્રો, ગંગાનો સ્થૂળ પ્રવાહ તો પવિત્ર જ છે પણ સંસ્કૃત વાઙ્મય માં ગંગા એટલે 'ગમ્યતે પ્રાપ્ત તે ભગવદ્ પદં અનયા સા ગંગા' અર્થાત્ ગંગાએ ભગવદ્ પદ પમાડનારી છે તેથી જ રોજ સવારે સ્નાન કરતી વખતે ગંગા-સ્મરણ કરવાનો આપણા ઋષિઓનો આદેશ છે.... પ્રભુનો પ્રેમ પ્રવાહ, કરુણાનો પ્રવાહ જ ગંગા છે. જેના થકી માનવજીવન ટકી રહ્યું છે. આ તો થયું આધ્યાત્મિક અને પૌરાણિક મહાત્મ્ય...

દોસ્તો, ભગવાન વિષ્ણુને આપણે 'નારાયણ' કહીએ છી. 'નારા' એટલે પાણી અને 'અયન' એટલે નિવાસસ્થાન. નારાયણ એટલે સમગ્ર વિશ્વમાં વ્યાપીને રહેનાર. ગીતાકારે પણ 'જીવનં સર્વ ભૂતેષુ' કહી વિભૂતિ ગણાવી છે.

આપણી ભાષામાં પાણી માટે કેટલાયે શબ્દો છે; જેમ કે - પાણી (પ્રાણ બચાવનાર પ્રવાહી), કીલાલ (અગ્નિની જવાળાઓને અટકાવે છે તે), નીર (જે હૃદયને પ્રિય અને હૃદય માટે તૃપ્તિકારક છે તે), સલિલ (નીચેની તરફ ઢળતું કાયમ માટે હિતકારી છે તે પ્રવાહી), આપ (જે સર્વમાં વ્યાપી જાય તે), ઉદય (બધા જ પદાર્થોને ભીના કરી શકે છે તે), જલ (તરસ મટાડતું પ્રવાહી), ધનરસ (મેઘનું જ જે બીજું સ્વરુપ કહી શકાય તે), અંબુ (જે કોઈ પણ સાથે ટકરાતા અવાજ પેદા કરે છે તે), વારિ (જે તરસ થાક મૂર્છા અને અકળામણ દૂર કરે છે તે), તોય - (જે બધે જ ફેલાઈ શકે છે તે અને એથી બધા પ્રદેશને ઢાંકી શકે છે તે), જીવન - (જેને આધારે બધા જ પ્રાણીઓ જીવી શકે છે તે) અર્ણસ - (જેનો ગુણ નીચાણ તરફ જવાનો છે તે), પયસ - (શીતળતા અને મધુરતા જેનો ગુણ છે તે)

પાણીનો આગવો ગુણધર્મ છે. બીજાની મલિનતા દૂર કરી સ્વચ્છ બનાવે છે, બીજું પાણીની સપાટી સમાન રહે છે. પાણીમાં કદી ખાડો ન પડે. કુદરતી રીતે પાણી જેટલું ઊપરથી આવે તેટલું જ ઉપર જાય છે.પાણી જ આપણને પ્રબોધે છે કે પાણી જેવું જીવન બનાવીએ. બીજાનું જીવન - નિર્મળ - સ્વચ્છ બનાવવા પ્રયાસ કરવો જોઈએ. આપણું જીવન જ બીજા માટે ઉત્સાહપ્રેરક હોવું જોઈએ. અને પાણીનો સ્વાભાવિક ગુણ છે શીતળતા... આપણો સ્વભાવ પણ શીતળ હોવો જોઈએ.

સાચે જ આપણાં પર્વો માનવ જીવનના સાર્થક્યને પામવાનાં દિશા દર્શનરુપ છે. 'ગંગા દશહરા' નિમિત્તે પં. જગન્નાથ રચિત 'ગંગાલહરી'નું ગાન વાતાવરણને સુરભિમય બનાવી દે છે... આમ તો પાણી જ અલૌકિક દ્રવ્ય છે. તે ગરીબ - તવગંર, ભણેલા-અભણ બધોન ઉત્સાહિત કરે છે... અરે, પાણી તો નિરહંકારી છે.... બધી જ જગ્યાએ ફરી વળે છે!! ચાલો, નિસર્ગ તરફ ભદ્રદષ્ટિ કેળવીએ...

**સ્પર્શમણિ :**

***જોઈતું મળી જાય એ 'સમૃદ્ધિ' છે પણ એના વિના ચલાવી શકીએ એ તો 'સામર્થ્ય' છે.***

● ● ●

***જ્યાં નથી છલ ત્યાં જિંદગી છલોછલ...!***

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949